# ચોઈસ ફિલિંગ માટે જરૂરી અતિ આવશ્યક સુચનાઓ

- ઓનલાઈન ફોર્મ વેરીફાય થયા બાદ "Your registration form is successfully verified" નો મેસેજ જે તે વિદ્યાર્થીના રજીસ્ટર્ડ મોબાઇલ પર આવશે. મેસેજ આવ્યા બાદ ચોઇસ ફીલીંગ કરવી ફરજીયાત છે.
- વિદ્યાર્થીએ જે તે પ્રોગ્રામ કેટેગરીમાં આવતી કોલેજોમાંથી પસંદગીની કોલેજોને અગ્રતાક્રમ મુજબ ટીક (√) કરવાની રહેશે.
- ગત વર્ષના cut off ને ધ્યાને લઈ મહતમ કોલેજો તમારી પ્રાયોરિટી મુજબ ચોઈસ ફિલિંગ કરવી, તમારી પસંદગીની કોલેજને ઉપરના ક્રમે પસંદ કરવી, એટલેકે તમારી પહેલી પસંદગીની કોલેજ ને પહેલા અને ત્યારબાદ તમારી પસંદગી મુજબ ઉપરના ક્રમે થી નીચેના ક્રમે ગોઠવતા ગોઠવતા પસંદગી મુજબ લિસ્ટ ગોઠવી વધારેમાં વધારે કોલેજોનું ચોઈસ ફિલિંગ કરવું .જે કોલેજ ચોઈસ કરેલ હશે તે કોલેજના મેરીટ લિસ્ટમાં જ તમારો સમાવેશ થશે,
- ધારો કે તમે તમારી પસંદગી મુજબ 01 થી 17 કોલેજનું ચોઈસ ફિલિંગ કરેલ છે, અને પ્રથમ રાઉંડમાં તમને 08 મી પસંદગીની કોલેજમાં પ્રવેશ મળે છે, અને જો તમે બીજા રાઉંડમાં ભાગ લેવા માંગો છો, તો બીજા રાઉન્ડમાં તમોને 08 મી ચોઈસની ઉપરની એટલેકે 01 થી 07 સુધીની કોલેજની પસંદગી મેરીટ મુજબ જીવંત રહેશે, જ્યારે 08 થી નીચેની પસંદગી એટલેકે 09 થી 17 સુધીની કોલેજની પસંદગી નલીફાય એટલેકે રદબાતલ થશે. એટલે કે તમને મળેલ પ્રવેશ ની કોલેજ ના ક્રમની ઉપરના ક્રમની જ ચોઈસ ફીલિંગ જીવંત રહેશે. તો આ બાબતનું ખાસ ધ્યાન રાખીને ખૂબજ કાળજી પૂર્વક કોલેજોની ચોઈસ ફિલિંગ કરવી.
- **જેઓએ ચોઇસફીલીંગ કરેલ નહી હોય તેઓનુ નામ મેરીટ યાદીમાં સમાવેશ થશે નહી. જે અંગેનો વિદ્યાર્થીનો પાછળથી કોઈ હક્કદાવો રહેશે નહિ.**